મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૮ ટકા
ગાંધીનગર તાપમાન

બાળકોને દુગ્ધાર્પણ કરી નવી ચીલો ચાતરતી મહિલાઓ

દ્વારકેશ રેસિડેન્સીની મહિલાઓ દ્વારા વાવોલ, સે-૭ અને સે-૬ની શાળાઓમાં મળીને કુલ ૬૫ લીટર દૂધ બાળકોને પીવડાવાયું : શિવલિંગ પર દૂધનો પ્રતિકાત્મક અભિષેક કરાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલની દ્વારકેશ રેસિડેન્સીની મહિલાઓ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં શિવલિંગને પ્રતિકાત્મક દૂધનો અભિષેક કરી બાકીનું દૂધ સરકારી પ્રાથમિક શાળાના ભૂલકાંઓને પીવડાવ્યું હતું. આ સોસાયટીની મહિલાઓએ માત્ર શિવાભિષેકમાં દૂધ વાપરવાને બદલે આ દૂધનો સદુપયોગ કરવા સાથે નવો ચીલો ચાતર્યો છે. આ મહિલાઓએ વાવોલ ઉપરાંત ગાંધીનગરના સેકટર-૬ અને સેકટર-૭ની શાળાઓમાં પણ દૂધ વિતરણ કર્યું હતું. જેમાં અંદાજે ૬૫ લીટર દૂધનું વિતરણ કરાયું હતું.

પવિત્ર શ્રાવણમાસમાં શિવજીને શ્રધ્ધાળુઓ દ્વારા દૂધ, પાણી વગેરેનો અભિષેક કરવાની ધાર્મિક પરંપરા છે. જો કે આ પરંપરામાં શિવલિંગ પર દૂધના અભિષેક અંગે સવાલો ઉભા થઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં વાવોલની દ્વારકેશ રેસિડેન્સીની મહિલાઓ છેલ્લા ત્રણેક વર્ષથી શિવલિંગ પર પ્રતિક સ્વરૂપે દુગ્ધાભિષેક કર્યા બાદ સરકારી પ્રાથમિક શાળામાં ભણતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને દૂધ પીવડાવવાનું સદકાર્ય કરી રહી છે. આ વર્ષે પણ તેમણે વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળા, સે-૭ની વહાણવટી પ્રાથમિક શાળા અને સેકટર-૬ની સરસ્વતિ શિશુ મંદિર ખાતે બાળકોને દૂધ પીવડાવ્યું હતું. મહિલાઓના આ નવતર અભિગમને ચોમેરથી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

@ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ મેહુલભાઈ ઓઝા, ૧૦૩/૧, સે-૧૪ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના બંકિમભાઈ મહેતા, પંચવટી પાર્ક ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે નાગપંચમી તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ કૌશિકભાઈ જાની, પ્લોટ નં. ૪૮૮/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો મંજુલાબેન એન. મહેરીયા, સે-૭-બી, પ્લોટ નં. ૭૦૯/૨ ખાતે સાંજે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● ઈન્ફોસીટી કલબ રીસોર્ટ ખાતે પેટ વૉક શૉ સાંજે ૭ થી ૭.૪૫ કલાક દરમિયાન યોજાશે.

સે-૧૫ સાંઈની બાજુમાં ઘાયલ બાજને નગરસેવકે બચાવ્યું

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતનું પાટનગર ગાંધીનગર ગ્રીનસીટી તરીકે ઓળખાય છે. શહેરમાં વનરાજીને પગલે અસંખ્ય દુર્લભ પશુ-પક્ષીઓ ગગનમાં વિહરતા જોવા મળતા હતા. ત્યારે શહેરનો રોકેટગતિએ વિકાસ થતા કોંકીટના આ જંગલમાં પશુ-પક્ષીઓ નહીવત જોવા મળી રહ્યા છે. શહેરમાંથી વૃક્ષોની સંખ્યા ઘટતા પક્ષીઓએ પણ પોતાના નિવાસસ્થાન બદલવા પડે છે. મોટા મેદાન કે ખુલ્લી જગ્યાઓમાં પક્ષીઓ જોવા મળે છે. ત્યારે શહેરના સેકટર-૧૫ સ્પોર્ટસ ઓથોરીટ ઓફ ઈન્ડીયા (સાઈ) પાસે દુર્લભ બાજ પક્ષીની પાંખ કોઈ કારણોસર ઘાયલ થતા નીચે પડ્યું હતું અને દર્દથી કણસી રહ્યું હતું. નાગરીકો સવારના સમય હોવાથી મોટીસંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. પરંતુ બાજની ચાંચ અને નહોર જોરદાર હોવાથી તેની નજીક કોઈ જવા માટે તૈયાર નહોતું. તેવી સ્થિતિમાં મોર્નીંગ વોક માટે નીકળેલા

નગરસેવક નાઝાભાઈ ઘાંઘરે તેને હિંમત દાખવીને કપડાથી તેને પકડી લીધુ હતું. તે સમયે બાજે નાઝાભાઈને સામાન્ય ઈજા પહોંચી હતી.બાજ આકાશમાં ખુબ ઉંચાઈ પર વિહરતું હોય છે પરંતુ માત્ર સામાન્ય ડોક ફેરવતા જ જમીન પર પાંચ કિલોમીટર સુધીના એરીયામાં પોતાનો શિકાર શોધી લે છે. નગરસેવકે તાત્કાલીક બાજને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પહોંચાડ્યું હતું અને સારવાર માટે ટીમ પણ બોલાવી હતી. બાજને બચાવ્યું હોવાથી પ્રકૃતિ ઉદ્યાનના અધિકારીએ તેઓને બિરદાવ્યા હતા. અધિકારીએ નગરસેવકને જણાવ્યું હતું કે પાંખમાં ઈજા હોવાથી સારવાર મળતા યોગ્ય થતા જ બાજ આકાશમાં ઉડાન ભરશે. ત્યારે નાજાભાઈને પર્યાવરણ અને પશુ-પક્ષીઓ પ્રત્યે અપાર પ્રેમ છે.

પેથાપુરમાં ખુલ્લેઆમ શ્રાવણીયો જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક પેથાપુર ગામમાં સુરેલા વિસ્તાર ખાતે મહાકાળી મંદિર પાસે ખુલ્લેઆમ કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલીસને મળી હતી. (શ્રાવણીયા જુગારની બાતમી મળતા જ પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડીને પાંચ શકુનીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈ તથા તેમની ટીમે બાતમીને આધારે મહાકાળી મંદિર પાસે જુગાર રમતા પાંચ શકુનીઓને પકડયા હતા. પેથાપુર ખાતે રહેતા ભરત ડાહ્યા નાયક, ગોવિંદ બુધા ઠાકોર, ગોવિંદ પસા રાવળ, કરણ રજુજી વાઘેલા અને રમેશ જીવણ નાયક મળીને પાંચેય શકુનીઓને પકડી પાડી રૂ. ૧૭૫૦ની રોકડ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૦

અડાલજ નજીક આવેલા ઝુંડાલથી ખોરજ તરફની નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં શેરથા ગામના આધેડનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલિસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. આપઘાત કરી લઈ જીવન ટુંકાવ્યું હોવાનું પોલિસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

શેરથા ગામમાં રહેતા ૫૨ વર્ષીય બાબુભાઈ આયધાનભાઈ પ્રજાપતિ ૮ ઓગસ્ટે બપોરે દોઢેક વાગ્યે પોતાના ઘરેથી નીકળ્યા બાદ પરત ઘરે આવ્યા ન હતા. બે દિવસથી લાપતા થયેલા બાબુભાઈ પ્રજાપતિની શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે બપોરના અરસામાં ઝુંડાલ નર્મદા કેનાલથી ખોરજ નર્મદા કેનાલ વચ્ચે કેનાલના પાણીમાંથી તેમનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલિસ મથકના જમાદાર મુળજીભાઈને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. બાબુભાઈએ કોઈ કારણોસર આપઘાત કરી લીધો હોવાનું પોલિસની પ્રાથમિક તપાસમાં જાણવા મળતા તે દિશામાં પોલિસે તપાસ હાથ ધરી છે.

ડો. વિક્રમ સારાભાઈની જન્મતિથીએ બોરિજ પ્રાથમિક શાળામાં રોકેટરી મોડેલ વર્કશોપ

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૨મી ઓગસ્ટે મહાન વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈની જન્મતિથિ બોરિજની પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમ દ્વારા ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મોડેલ રોકેટરી વર્કશોપ મુખ્ય આકર્ષણ છે. જેમાં સિંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ વગેરે બનાવતા શિખવવામાં આવશે. ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈએ કરેલ શોધોમાંથી પ્રેરણા લઈને વિદ્યાર્થીઓમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ખીલે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સહકારથી વિવિધ વિજ્ઞાન સંદર્ભે કાર્યક્રમો યોજવામાં આવે છે. તા. ૧૨મી ઓગસ્ટે ડૉ. વિક્રમ સારાભાઈની જન્મતિથિ છે. આ પુણ્ય દિવસે સાયન્સ સેન્ટર દ્વારા બોરિજ ગામની સરકારી પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં મોડેલ રોકેટરી વર્કશોપ વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ વર્કશોપમાં રોકેટના વિવિધ સ્ટેજ સાથે આંતરિક રચના, રીમોટ કંટ્રોલ સંચાલન વગેરે આવરી લેવાશે. આ સાથે વિદ્યાર્થીઓને 'અંતરિક્ષ પથના પ્રણેતા ડૉ. વિક્રમ સારાભાઈ' બતાવવામાં આવશે.

વાતવાતમાં

● ગુજરાત હાઈકોર્ટમાં બેલિફ, પ્યુન અને ડ્રાઈવર જેવી વિવિધ પોસ્ટ માટે ભરતી પ્રક્રિયા પ્રારંભ થવા પામી છે. આ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોએ પહેલા ચલણ ભરીનેતેની જમા પાવતી ફોર્મ સાથે બીડવાની હોઈ શહેરની સ્ટેટ બેંકની શાખાઓમાં ઉમેદવારો ભીડ જમાવી રહ્યા છે.

● નવનીત પબ્લિકેશન્સના ડાયરેક્ટર નવીનભાઈ શાહ મર્ડર કેસના મુખ્ય આરોપીને વધુ પુછતાછ માટે પોલિસે વધુ બે દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જે કોર્ટે મંજુર રાખ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પોલિસ આરોપીને ૧૪ દિવસના રિમાન્ડ પર લઈ ચુકી છે.

આરાધના વિદ્યાવિહાર, સે-૨૮ ખાતે ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને વૈદિક પરિવાર દ્વારા સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને વૈદિક પરિવારની ગાંધીનગર શાખાનાં સંયુક્ત ઉપક્રમે એક ત્રિ-દિવસીય સ્ટ્રેસ મેનેજમેન્ટનો વર્કશોપ યોજાઈ ગયો. ગાંધીનગરની સેકટર-૨૮ સ્થિત આરાધના વિદ્યાવિહાર ખાતે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ૨૪૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ, રોજડની સફળતા વિજ્ઞાન પરિયોજના અંતર્ગત શૈક્ષણિક સફળતા વિભાગનાં અધ્યક્ષ તથા વૈદિક પરિવારનાં ટ્રસ્ટી અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી અને વૈદિક પ્રચારક શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ પણ ઉપસ્થિત રહી બાળકોને માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થી અવસ્થામાં ઉદ્ભવતા તણાવનાં કારણો અને તેના નિરાકરણનાં સચોટ અને વ્યવહારિક ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત વૈદિક પદ્ધતિથી ધ્યાન, ઉપાસના, પ્રાણાયામ, આત્મનિરીક્ષણ વગેરેનો ક્રિયાત્મક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમના સમાપન પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શાળા સંચાલક મંડળનાં ચેરમેન શ્રી રમણભાઈ પટેલ, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ શ્રી બી. કે. ચાવડા, પૂર્વ પ્રમુખો શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રી મનોજભાઈ સરૈયા, ટ્રસ્ટી શ્રી આશીષભાઈ પટેલ, શાળાનાં આચાર્ય શ્રી વસંતભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેન રોટે. શ્રી પાર્થભાઈ ઠક્કર વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમના સમાપન પ્રસંગે વિદ્યાર્થીઓ તથા સમગ્ર વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત રહેલા શાળાનાં શિક્ષક દ્વારા પોતાનો પ્રતિભાવ આપતાં આ વર્કશોપ ખૂબ ઉપયોગી રહ્યો હોવાની લાગણી વ્યક્ત કરી હતી. સમાપન સમારોહનું મંચ સંચાલન શાળાનાં શિક્ષક શ્રી અરવિંદભાઈ સી. પટેલ તથા સમાપન શાળાનાં આચાર્ય શ્રી વસંતભાઈ ડી. પટેલે કરી હતી.

છેતરપીંડીના બે ગુનામાં વોન્ટેડ આરોપી એલસીબીએ પકડયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની સુચનાથી તેમની એક ટીમ વોન્ટેડ આરોપીઓને પકડવા સક્રીય થઈ છે. દરમિયાન પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમીને આધારે સેકટર-૧૧ ખાતે ટેલીનોર મોબાઈલની દુકાનમાંથી એક વોન્ટેડ આરોપીને પકડી પાડયો હતો. ઈડર પોલિસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૬માં આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા વર્ષ ૨૦૧૭માં આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ના ગુનામાં નાસતા ફરતા કિશન રણજીતસિંહ બિહોલા (રહે. શ્રીજી બંગ્લોઝ, રાંધેજા)ને પકડી પાડી એલસીબીની ટીમે ઈડર પોલિસને સોંપવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર જિલ્લા દલિત સેના પુર પિડિતોના પડખે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા બનાસકાંઠાના ધાનેરા અને જોરાપુરા, રામપુરા, વાલેર ગામના દલિતોની રૂબરૂ મુલાકાત લઈ જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, ચંચળબેન મેસરવાલા, મહેશભાઈ તેમજ કાર્યકરોએ મુલાકાત લઈ તેમની આપવીતી જાણી હતી. સરકાર તરફથી કેશડોલ ચુકવવામાં આવેલ છે પરંતુ આ લોકોને સહાય મળી નથી. જોરાપુરા ગામના સરપંચ સાથે રહીને સહાય કીટ્સ વહેચવામાં આવી હતી. રામસીપુરા તથા આજુબાજુના ગ્રામજનોની મુલાકાત લઈ આશ્વાસન આપીને મદદ કરવા જણાવાયું હતું.

બાબુભાઈ મેસરવાલાએ ધાનેરામાં ૩ દિવસ અસરગ્રસ્તો વચ્ચે રહીને આર્થિક સહયોગ આપ્યો હતો તથા અમદાવાદમાં નારોલ, પીપળજ વિસ્તારના મજુર વર્ગને વરસાદથી થયેલ નુકશાન પેટે રાહત કેમ્પ ચલાવી તેમજ સહાય કરી સેવાઓ આપી હતી.

આઈ લવ માય ગાંધીનગર

જયપ્રકાશ ભટ્ટ

ગાંધીનગર ગમે

ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

નગરજનો

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

શિવરંજની, કલરવ, કલાગુર્જરી, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા, શહેર પ્રત્યે સંવેદના અને યુવાવિકાસના નક્કર કાર્યક્રમોની જરૂરિયાત અનુભવી રહ્યો છું.

નગર માટે હું કરી શકું

કલા અને સેવાના કાર્યક્રમો માટે મારી સઘળી સહાય શહેરને પૂરી પાડવા માટે હું તત્પર છું.

બાયો મેડિકલ વેસ્ટના નિકાલનો નવતર આઈડિયા

સે-૨૩માં ફાર્મસી ખોલેજ ખાતે એપોકેલિપ્સ-૨૦૧૭નો પ્રારંભ : રાજયભરમાંથી ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની કે.બી. ફાર્મસી કોલેજ ખાતે આજથી પ્રારંભ થયેલ રાજયકક્ષાની ઈવેન્ટ 'એપોકેલિપ્સ-૨૦૧૭'માં રાજયભરમાંથી આવેલા ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ ઈવેન્ટમાં આજે પોસ્ટર મેકિંગ, માપસેલ્ફ મેડિસીન, ફાર્મા મોડલિંગ, એન્ટેગલમેન્ટ, વન મિનિટ, હન્ટ બુક તથા પ્લે પ્રેઝન્ટ ટોક જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. ફાર્મા મોડલિંગમાં વિદ્યાર્થીઓએ મેડીસીન ઈન્ડસ્ટ્રીઝને વધુ બહેતર બનાવવા અંગેના વિવિધ ઈનોવેટિવ મોડેલ્સ રજૂ કર્યા હતા.

એપોકેલિપ્સ-૨૦૧૭નું ઉદઘાટન કેમ્પસના નાથીબા કોલેજ હોલ ખાતે સવારે ૯ કલાકે મોન્ટેગ ફાર્માના ડૉ. શ્રેણિક શાહની મુખ્ય મહેમાન પદે ઉપસ્થિતિમાં કરાયું હતું. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ડિરેકટર ડી.ટી. કાપડિયા, કે.બી. ફાર્મસીના પી.જી. ડિરેકટર, ડૉ. એ.કે. શુકલ અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. શ્રીકલ્પ દેશપાંડે ઉપસ્થિત રહ્યા હતા. એપોકેલિપ્સના પ્રારંભે યોજાયેલ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, ઈન-વીટ્રો ફર્ટિલાઈઝેશન જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ પોસ્ટર્સ બનાવી રજૂ કર્યા હતા.

ફાર્મા મોડલિંગમાં આમતો ૧૦ જ પ્રોજેકટ રજુ થયા હતા પરંતુ તમામ મોડેલ્સ એકબીજાથી ચડિયાતા હતા. ખાસ કરીને એન્જિયોપ્લાસ્ટી, કાર્ડિઓવાસ્કયુલર સિસ્ટમ, ટેબ્લેટ કોટિંગ સાથે નેકસ્ટ જનરેશન ટેબલેટિંગના મોડેલ્સ ધ્યાનાકર્ષિત કરતા હતા. મોટાભાગના મોડેલમાં વિદ્યાર્થીઓએ પરંપરાગત પધ્ધતિઓમાં નવા આઈડિયા ઉમેરી વધુ ઉપયોગ, વધુ કરકસરયુકત તેમજ વધુ આરોગ્યપ્રદ ઉકેલ આપવા પ્રયત્ન કર્યો હતો. આ સાથે પોસ્ટર મેકિંગમાં પણ બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે અત્યાધુનિક સોલ્યુશન આપવા પ્રયત્ન કર્યો હતો.

ફાર્મા મોડલિંગમાં વિદ્યાર્થીઓએ ટેબ્લેટ કોટિંગ, ડ્રગ-રીસેપ્ટર બાઈન્ડિંગ, એન્જિયોપ્લાસ્ટી, કાર્ડિઓવાસ્કયુલર સિસ્ટમ, ફલો પ્રોપર્ટી મેઝરમેન્ટથી માંડીને નેકસ્ટ જનરેશન ટેબ્લેટીંગ જેવા ઈનોવેટિવ ૧૦ મોડેલ્સ રજુ કર્યા હતા. માપ સેલ્ફ મેડિસીનમાં વિદ્યાર્થીઓએ પોતે એક દવા બનાવી તેની ખૂબી તથા સાઈડ ઈફેકટસ વગેરેથી માંડીને તેના મિકેનિઝમને રજુ કર્યું હતું. હજુ આ ઈવેન્ટનો આવતીકાલે અંતિમ દિવસ છે. જેમાં એકસટેમ્પોર, ફાર્માફયુઝન, વોકિંગ પાર્લે, અનલોક ઈટ, કિવઝ, ફાર્મા એડ મેકિંગ તથા ડિબેટ જેવી રસપ્રદ ઈવેન્ટસ યોજાશે.

ચિરવિદાય

● સ્વ. સુશીલાબેન અંબાલાલ ઠાકોર, ઉ.વ. ૫૫

● સ્વ. મનોરમાબેન નવીનચંદ્ર ત્રિવેદી, ઉ.વ. ૬૧